| GJDH100001252026 | | રજૂ તારીખ : ૦૬/૦૨/૨૦૨૬ |
|---|---|---|
| | | દાખલ તારીખ : ૦૬/૦૨/૨૦૨૬ |
| | | ફેસલ તારીખ : ૧૮/૦૭/૨૦૨૬ |
| | | અવધિ : વર્ષ માસ દિવસ |
| | सत्यमेव जयते | ૦૦ ૦૫ ૧૨ |

**<u>સંજેલીના મહે.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, મું. સંજેલી</u>**

ફોજદારી કેસ નં.૧૧૫/૨૦૨૬
આંક :–

શ્રી સરકાર ... ફરિયાદી

:: વિરુધ્ધ ::

**નિતેશભાઈ રમણભાઈ નિસરતા** ... આરોપી
રહે.કદવાળ, નાળ ફળીયું,
તા.સંજેલી જી.દાહોદ

**ગુન્હો : <u>ધી. ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ</u>**

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.બી.તડવી
બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.પી.બી.બારીઆ

---

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) આ કામના આરોપી સામે સંજેલી પોલીસ સ્ટેશન (પ્રોહીબીશન) ગુના રજીસ્ટર નં. ૧૧૮૨૧૦૦૨૨૫૦૮૩૪/૨૦૨૫ થી ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીએ તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૪–૧૫ વાગ્યે મોજે

ઇટાડી કોર્ટ પાસે રોડ ઉપર વગર પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામાં નશાકારક પદાર્થનું સેવન કરી જાહેરમાં છાકટો બની લથડીયા ખાતો તેમજ બકવાસ કરતો મળી આવી પકડાઈ જઈ, ગુનો કરેલો છે, જેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય ચાર્ઝશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારું અત્રેની અદાલતમાં રજૂ થતાં તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલું. ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેલા. આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડી આરોપીનું આંક–૩ થી નિવેદન નોંધતા આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા જણાવતાં તેની સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**–: મૌખિક પુરાવો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ જયદિપભાઇ મગનભાઇ ડામોરની જુબાની | ૦૬ |
| ૨ | પંચ ચિરાગભાઇ મનસુખભાઇ કટારાની જુબાની | ૦૮ |
| ૩ | ડો.સાહેદ પૂર્વીશકુમાર જશુભાઇ ડાંગીની જુબાની | ૧૧ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | શરીર સ્થિતિનું પંચનામું | ૦૭ |
| ૨ | પોલીસ યાદી | ૧૨ |
| ૩ | ફોર્મ – એ ની નકલ | ૧૩ |

| | | |
|---|---|---|
| ૪ | ફોર્મ – બી ની નકલ | ૧૪ |
| ૫ | ફોર્મ–સી ની નકલ | ૧૫ |
| ૬ | ફરીયાદ | ૧૬ |

(૪) આ કામે આરોપીનું વિશેષ નિવેદન બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું કથન કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

*–:: મુદા ::–*

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૪–૧૫ વાગ્યે મોજે ઇટાડી કોર્ટ પાસે રોડ ઉપર વગર પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામાં નશાકારક પદાર્થનું સેવન કરી જાહેરમાં છાકટો બની લથડીયા ખાતો તેમજ બકવાસ કરતો મળી આવી પકડાઈ જઈ,ધી બોમ્બે પ્રોહી.એકટની કલમ–૬૬ (૧) બી મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્ધા પરત્વેના મારા નિર્ણય જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: પુરાવાનું મૂલ્યાંકન અને નિર્ણય માટેના કારણો :–</u>**

(૭) આ કામે **ફરીયાદ પક્ષે આંક–૦૬ થી પંચ સાહેદ જયદિપભાઇ મગનભાઇ ડામોર તથા આંક : ૦૮ થી પંચ ચિરાગભાઇ**

**મનસુખભાઈ કટારા**નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક લખેલા કાગળમાં સહી/અંગૂઠો કરાવેલ. તે સિવાય બીજી હકીકત જાણતા નથી પંચનામામાં પંચ તરીકે સહી ઓળખી બતાવેલ છે અને આંક–૦૭ થી પંચનામુ રજુ રાખેલ છે. સદરહુ પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ, તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરી વિ.એ.પી.પી. શ્રી ધ્વારા સૂચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવો પુરાવો આ કામે રજુ થયેલ નથી. આ પંચ સાહેદોની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં આ પંચ સાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર કાગળમાં સહીઓ કરાવેલ અને પંચનામા વિષે કંઈ જાણતા નથી.

(૮) આ કામે આંક–૦૭ થી પંચનામું રજુ થયેલ છે પરંતુ તેને પંચ સાહેદોનો જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય, પંચનામાની વિગત પુરવાર થઇ શકેલ નથી.

(૯) આ કામે **ફરીયાદપક્ષે આંક–૧૧ થી ડો. સાહેદ પૂર્વીશકુમાર જશુભાઈ ડાંગી**ને તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ સી.એચ.સી.સંજેલી ખાતે ઈમરજન્સી ફરજ ઉપર હતો તે વખતે બપોરના ૨–૫૫ કલાકે સંજેલી પો.સ્ટે થી પોલીસ યાદી સાથે આરોપી નીતેશકુમાર રમણભાઈ નીસરતા, રહે.કદવાળ, તા.ઝાલોદ, જિ.દાહોદનાઓને હે.કો.મહેન્દ્રભાઈ પારસીગભાઈ બ.નં.૧૧૨૮ નાઓ અટકાયત કરીને લાવેલા. આરોપીની તપાસ કરતાં તપાસતા તેના શ્વાસમાં આલ્કોહોલની વાસ હતી. તેની ભાષા અસભ્ય હતી. તેની ચાલ લથડતી હતી.

આંખની કીકી પહોળી થયેલ હતી. મારા અભિપ્રાય મુજબ ઉપરોકત વ્યકિત આલ્કોહોલની નશાની અસર હેઠળ હતા. આરોપીના શરીરનો ભાગ ડીસ્ટીલ્ડ વોટર વડે સાફ કરી અન્ય કોઈની મદદ લીધા વિના તેમના શરીરમાંથી ૦૫ એમ.એલ બ્લડ ઈ.ડી.ટી.એ.ફીયાલમાં લેવામાં આવેલ. જેને સી.એચ.સી.સં જેલીનો રાઉન્ડ શીલ કરી લેબલ કરી લોહી અને કેમીકલ મીક્ષ થાય એવી રીતે બે હથેળી વચ્ચે હલાવેલ. ત્યારબાદ તે સેમ્પલને ફોર્મ–બી સાથે આર.પી.એડી.થી એફ.એસ.એલ ગાંધીનગરમાં લોહીના નમુનાના પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ. આજરોજ હુ ફોર્મ–સી સર્ટી. સાથે લાવેલ છુ તે જોઈને કહુ છુ કે લોહીનો નમુનો તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ એફ.એસ.એલ ગાંધીનગરને મોકલાયેલ તે તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ તેઓને મળી ગયેલ છે અને એફ.એસ.એલ ગાંધીનગરે તેનુ એનાલીસીસ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ કરી અને અભિપ્રાય આપેલ છે કે તે નમુના વાળા લોહીમાં આલ્કોહોલનુ પ્રમાણ **૦.૦૮૦૧ ગ્રામ/પરસેન્ટ** છે. જેનો અર્થ એવો થાય કે લોહીના નમુના વાળી વ્યકિતએ આલ્કોહોલ લીધેલ છે.જે અંગેનુ ''ફોમ–સી'' સર્ટી.સાઈન્ટીફીક ઓફીસર ગાંધીનગર ના જી.એ.પંચાલ નાઓનુ છે.

**આ ડો.સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે કે,** એ વાત ખરી છે કે સંજેલી ખાતે સામુહીક આરોગ્ય કેન્દ્ર આવેલ છે. એ વાત ખરી છે કે આ આરોગ્ય કેન્દ્રમાં સંજેલી તાલુકાના લોકો સારવાર માટે આવે છે. એ વાત ખરી છે કે સામુહીક

આરોગ્ય કેન્દ્રમાં દીવસ દરમ્યાન કેસોનુ પ્રમાણ વધુ રહે છે. એ વાત ખરી છે કે સંજેલી સી.એચ.સી.માં એક કરતા વધારે મેડીકલ ઓફીસર ફરજ બજાવે છે અને તેમની ફરજનો સમય અલગ અલગ હોય છે. એ વાત ખરી છે કે પોલીસ યાદીમાં પી.એસ.ઓ. એ પોલીસ યાદી મોકલ્યા સમય લખેલ નથી. એ વાત ખરી છે કે ફીયાલની ખરીદી સરકારશ્રી પુરી પાડે છે. એ વાત ખરી છે કે અમુક દવાઓમાં આલ્કોહોલનું પ્રમાણ આવેલ હોય છે અને કોઈ વ્યકિતએ વાસી અને સડેલા ફળફળાદી ખાધા હોય તો સામાન્ય રીતે તેના મોં માંથી આલ્કોહોલ જેવી વાસ આવી શકે છે. એ વાત ખરી છે કે કોઈ માણસ વધારે પ્રમાણમાં દવા લેતો હોય તો તેને ચકકર આવી શકે છે અને તેની બોલી તોતડાઈ શકે છે. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત અંધારામાંથી એકદમ અજવાળામાં જાય તો તેની કીકી પહોળી થઈ શકે છે.એ વાત ખરી નથી કે આરોપીની લોહી લેવાની પ્રક્રિયા મે જાતે કરેલી નથી. એ વાત ખરી નથી કે કોઈ ભળતી વ્યકિતનુ લોહી લઈ તેને પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવેલ છે. એ વાત ખરી છે કે બ્લડ સેમ્પલ મોકલ્યા તા.૨૦/૦૮/૨૦૨૫ છે અને કેમીકલ એનાલાઈજર ના બ્લડ સેમ્પલ મળ્યા તા.૨૯/૦૯/૨૦૨૫ છે. એ વાત ખરી નથી કે હુ ખોટી જુબાની આપુ છુ.

૧૦) આ કામના આરોપીની સામે પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)બી મુજબનું તહોમત છે, તેના અનુસંધાને ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તબીબી અધિકારીની જુબાની મુજબ તેઓ પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આરોપીને તેઓની પાસે પોલીસ યાદીની સાથે

તબીબી પરિક્ષણ માટે લાવવામાં આવેલ હતો, જેથી તેઓને તપાસતા આરોપી આલ્કોહોલની અસર તળે લક્ષણો જણાતાં, તેઓએ લોહી લેવાની કાર્યવાહી કરીને મેળવેલ લોહીનો નમૂનો એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગર ખાતે મોકલી આપેલ અને તે અંગેની વિગત અને ફોર્મ ''એ'' અને '' ફોર્મ'' '' બી" માં ભરેલ જે આ કામે રજુ છે, ત્યારબાદ લોહીના નમુનાનું એનાલીસીસ દરમીયાન લોહીમાં ઈથાઈલ આલ્કોહોલનું પ્રમાણ **0.0૮૦૧** ગ્રામ પરસેન્ટ જણાઈ આવેલ.એવા સંજોગોમાં મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લેવી પડે અને તબીબી અધિકારીએ આરોપીના શરીરમાંથી લોહી લેવાની પ્રક્રિયા કરેલ છે તે કાનૂની જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે કે, કેમ તેનો નિર્ણય કરવા પ્રથમ બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ ના નિયમ –૪ ધ્યાને લેવો હુ આવશ્યક સમજુ છું.

**નિયમ–૪ લોહી એકત્ર કરી તેને પૃથ્થકરણ કરવા મોકલવાની રીત ::–**

'' નિયમ–૩ મુજબ પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ વ્યકિતનું લોહી લેવા માટે ડોકટરે સિરિંઝ વાપરવી અને તે સિરિંજને વાપરતા પહેલા તેને સ્ટરીલાઇઝ (જંતુરહિત) કરવા માટે ઉકળતા પાણીમાં મુકવી, તે વ્યક્તિનાં જે ભાગમાંથી પોતે લોહી લેવા માંગતો હોય તે ભાગ ચામડીને તેણે સ્પીરીટથી અથવા તેનું દ્રાવણ જેમાં ન હોય તેવા મરકયુરોક્રોમ અથવા જેનશન વાયોલેટનનો ૧ ટકા ભાગ હોય તેવા પાણીવાળા દ્રાવણથી સાફ કરવી, તે વ્યકિતના શરીરમાંથી લોહી લેતી વખતે સ્પીરીટ અડકે નહી તેની તકેદારી રાખી. તે વ્યકિતની ૫, સી.સી.થી ઓછું લોહી ખેંચવું નહી, ત્યારબાદ તેવા લોહીને એક શીશીમાં ગઠ્ઠો ન થઇ જાય અને લોહી સચવાઈ તેવી રીતે શીશીને સતત હલાવ્યા કરવી અને પછી તે શીશીમાં લેબર લગાવવું અને તેને લાખથી તેના ઢાંકણાને સીલ કરવું. ત્યારબાદ તેની ઉપર ઓફીશીયલ અથવા તો રજીસ્ટર મેડીકલ પ્રેકટીશનરનાં મોનોગ્રામનું શીલ લગાડવું.

૧૧) આમ, ઉપરોકત જણાવેલ નિયમ મુજબ આ કામે તબીબી અધિકારીના પુરાવાનું મુલ્યાકન: કરવામાં આવે તો, આ કામે તબીબી અધિકારીએ જે સિરીજ અને નીડલ વડે ફીયાલમાં લોહી લીધેલ તેને સ્ટરીલાઈઝ કરવા ઉકળતા પાણીમાં નાંખવામાં આવેલ કે કેમ તે બાબતે શંકા ઉપસ્થિત થાય છે, જેથી નિયમ અનુસાર લોહી લેવા માટે વાપરવામાં સિરિજ નીડલ અને ફીયાલને જંતુરહીત કરવી એ આદેશાત્મક છે, જે આદેશોનું પાલન ન કરીને તેનો ભંગ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે.

૧૨) વધુમાં, ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ ફેલ્સ, ૧૯૫૯ના નિયમ–૪(૨) અનુસાર આરોપીનું લોહી પૃથ્થકરણ માટે ખાસ સંદેશાવાહક મારફતે મોકલી આપવાની જોગવાઈ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષ પોતાના પુરાવામાં એવી હકીકત પુરવાર કરેલ નથી કે આ કામે આરોપીનું લોહી પૃથ્થકરણ માટે ખાસ સંદેશાવાહક દવારા મોકલવામાં આવેલ હોય એટલે કે જો ફરીયાદપક્ષે આરોપીનું લોહી ખાસ સંદેશાવાહક મારફતે મોકલેલ હોત તો પોતાના પુરાવામાં લોહીનું સેમ્પલ મોકલ્યા બાબતની પાવતી કે તે અંગે પૈસા ભર્યા અંગેની પાવતી રજુ કરેલ હોત અથવા તો એમ.એલ.સી. કલાર્ક કે જોણે સદરહું લોહીનો નમુનો એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગરને મોકલેલ તેને ફરીયાદપક્ષના સાહેદ તરીકે તપાસીને તે બાબત પુરવાર કરી શકેલ હોત, પરંતુ .ફરીયારપક્ષ તેવી હકીકત સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

૧૩) વધુમાં આ કામે તબીબી અધિકારીની જુબાની ધ્યાને લેતા તેઓ એવું જણાવે છે કે, લોહીના નમુનો એફ.એસ.એલ. કચેરી તરફ રજી.પો.એ.ડી. મારફતે મોકલી આપેલો. રજી.પો.એ.ડી.થી મોકલેલ બાબતની કોઈ સ્લીપ કે પહોંચ રજુ કરેલ નથી, લોહીનું સેમ્પલ જે ફીયાલમાં લેવામાં આવે છે, તે ફીયાલ સરકાર તરફથી

તેઓને ફાળવવામાં આવે છે, જેથી નિયમ–૪નું પાલન કરવામાં અનિયમિતતા દાખવેલ છે. પરંતુ વિ.એ.પી.પી. શ્રી નામદાર ગુજરાત હાઈકોર્ટે અવધ બીહારી અમૃતલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, (૨૦૦૦) ૩ જી.એલ. આર.૫૦૬ ના ચુકાદાને લક્ષમાં લઈ એવી રજુઆત કરેલ છે કે, જયારે કાયદાનો મુખ્ય હેતુ સિધ્ધ થતો હોય તેવા સંજોગોમાં લોહીનું સેમ્પલ એકત્ર કરતી વખતે રહી ગયેલ નાની નાની તૃટીઓને ધ્યાને લઈને કેસને નિષ્ફળ ગયેલ માની લેવો જોઈએ નહી પરંતુ આ કામે બચાવપક્ષ તરફે રજુ કરવામાં આવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>ક્રિમી. અપીલ નં.૮૪૪/૨૦૦૩, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ બચુભાઈ ખેમાભાઈ ચમાર</u>**નો ચુકાદો માનપૂર્વક વંચાણે લેતાં,ચુકાદાના પેરા નં. ૭ માં એવું જણાવવામાં આવેલ છે કે,

> 7. It is clear or plain reading of the aforesaid Rule 4 that the blood is to be collected in the syringe and to be transferred into phial containing anti–coagulant and preservative and it fias to be done by the doctor. In the present case, the Doctor has stated in his chief–examination that drew 5cc blood from the body of the acrosed and thereafter, transferred the same in phial which nad been sterilized from prior and which phial contained anti–coagulant powder and preservative. There is nothing on

record to show as to what point of time the anti−coagulant and preservative were added in Our prepared phial which was given to PW−4 for the purpose of collection of blood of the accused or as to who added the said anti−coagu−lant and preservative in the phial. Though an attempt has been made by the Doctor to clarify in his cross examination that the phials are prepared in the hospital in accordance with rules and he has also denied the suggestion that the ready phials were being supplied from the Health Department, it is not in dispute that the doctor has received a ready phial containing anti−coagulant and preservative and that they were not added by the Doctor himself.This is a grave infirmity in the process of collecting the blood of the accused and is violative of the mandatory provision contained in Rule 4.

૧૪) સદર કામે બચાવપક્ષે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના તમામ પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે, જેથી પંચનામું પુરવાર થયેલ નથી. આ કામે ફરીયાદપક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. આ ઉપરાંત આ કામે રેકર્ડ પર આવેલ તબીબી અધિકારીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ લોહીનો નમૂનો એકત્ર કરી તે ફીયાલ એફ.એસ.એલ.કચેરીમાં પૃથ્થકરણ કરવા સારું ફોર્મ–બી, ની સાથે આર.પી.એ.ડી. મારફતે મોકલી આપેલ હોવાનું જણાવે છે. પરંતુ આ કામે તેઓએ આર.પી.એ.ડી.થી મોકલાવેલ હોવા બાબતની કોઈ પાવતી કે પહોંચ આ કામે રજુ કરેલ નથી. જેથી લોહીનો નમૂનો એ જ દિવસે મોકલેલ હોવાનું રેકર્ડ પર આવેલ નથી. ત્યારબાદ સદર લોહીનો નમૂનો તા.૨૯/૦૯/૨૦૨૫ ના રોજ એફ, એસ.એલ.કચેરીને મળેલ હોવાનું આંક: ૧૫ વાળા સી–ફોર્મથી ફલીત થાય છે અને તે લોહીનું પૃથ્થકરણ તા.૦૭/૧૦/૨૫ ના રોજ કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે. આમ, રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાથી સ્પષ્ટપણે સાબિત થાય છે કે, આરોપીના શરીરમાંથી એકત્ર કરેલ લોહીનો નમુનો ૭ દિવસમાં એફ.એસ.એલ.માં પૃથ્થકરણ અર્થે પહોંચેલ નથી, તેથી નિયમ–૪ ની આદેશાત્મક જોગવાઇ સ્પષ્ટપણે ભંગ થયેલ હોવાનું રેકર્ડ પર ફલિત થાય છે. આમ, આદેશાત્મક જોગવાઇનો ભંગ કરેલ હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર આ કામના આરોપી વિરુધ્ધનો કેસ શંકારહિત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય, જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી **અતુલભાઈ લાલાભાઈ ભેદી રહે.જવેશી, તલાવડી ફળીયું, તા.સંજેલી જી. દાહોદ**નાઓને બી.એન.એસ.એસ.કલમ : ૨૭૧ (૧) મુજબ ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ : ૬૬ (૧) બી, મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન બી. એન.એસ.એસ.ની કલમ : ૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અગર જો અગાઉના જામીન ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે આરોપીના રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન અને જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(3) ક્રિમીનલ મેન્યુઅલનાં પેરા ૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલ ૧૯૫૯ નિયમ :- ૨૪૬ મુજબ હુકમનો ટૂંકસાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવો.

આ હુકમ આજ તા.૧૮,મી માહે જુલાઈ,સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**સંજેલી,**
**તા.૧૮/૦૭/૨૦૨૬**

**(ડૉ.તુષાર રણછોડભાઈ ઘોણીયા)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.**
**સંજેલી,**
**કોડ નં.જી.જે.૦૧૫૬૧**